**કોર્મશીયલ કેસ નં.૨/૨૦૨૫**

**<u>આંક-૫ લગત હુકમ</u>**

૧). વાદીએ આંક-૫ થી સી.પી.સી.ઓર્ડર-૩૯, રૂલ-૧, ૨ તથા કલમ-૧૯૧ મુજબ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા અરજી કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી સ્ક્રેપ ડીલીગનો ધંધો કરે છે. પ્રતિવાદીએ તા.૨/૬/૨૫ ના રોજ લોટ નં.૬૧૦૦૮૨૦૫૨૫, પચ્ચીસ હજાર કિલો તથા લોટ નં.૬૧૦૦૮૧૦૫૨૫ બાર હજાર કિલોના લોટની જાહેર હરાજી રાખેલ જેમાં વાદીએ વધારે બોલી બોલતા હરાજીની શરત પ્રમાણે ૧૦% રકમ જમા કરાવેલ અને ડીલીવરીની તારીખ પહેલા તા.૭/૭/૨૫ ના રોજ હરાજીની પુરેપુરી રકમ જમા કરાવી દીધેલ અને ડીલીવરીના સમયે જી.પી.સી.બી.નું પ્રમાણપત્ર રજુ કરવાની શરત હતી, જે લાયસન્સ રીન્યુ થવાની પ્રક્રિયામાં હોય પ્રતિવાદી પાસે સમય વધારવા મુદત માંગતા તેઓએ માન્ય કરેલ અને નિયત દિવસે પ્રમાણપત્ર સહિત ડીલેવરી લેવા ગયેલ ત્યારે પ્રતિવાદીએ ડીલેવરી આપવાનો ઈન્કાર કરેલ અને વાદીની ડીપીઝીટની રકમ ફોરફીટ કરી દીધેલ. પ્રતિવાદીએ વાદીના કોઈપણ કસુર વગર ડીલેવરી આપવાની ના પાડેલ હોય આ હરાજીવાળો માલ ફરીવાર હરાજીમાં રાખે રખાવે નહી તથા હરાજીવાળો માલ વાદીને સોંપી આપવા અથવા વિકલ્પે ડીપોઝીટની રકમ તથા બેલેન્સની રકમ જમા કરાવી છે તે પરત કરવા દાદ માંગેલ છે.

૨). સદર અરજી સંદર્ભે આ કામના પ્રતિવાદીને અરજન્ટ શોકોઝ નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ બજી જતાં પ્રતિવાદીએ વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક-૧૯ થી લેખિત જવાબ રજુ કરી વાદીની મનાઈ અરજીની તમામ હકીકતો નકારી કાઢી વાદીએ ઈ ઓકશન સેલ હરાજીની શરતો મુજબ વર્તન કરેલ ન હોવાનું અને શરત મુજબ સી.પી.સી.બી.નું સર્ટીફીકેટ રજુ કરેલ ન હોય તેમજ વીતી ગયેલ તારીખવાળુ સર્ટીફીકેટ રજુ કરેલ હોય શરત મુજબનું પાલન કરેલ ન હોવાથી વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા ન હોય વાદીની મનાઈ અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે અને પોતાના

લેખિત જવાબ સાથે નિ.૧૭/૧ થી ૧૭/૧૬ સુધીથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

૩). ઉપરોકત જણાવેલ હકીકતો સંદર્ભે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થાય છે.

**મુદા**

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું બેલન્સ ઓફ કન્વીનયનસી વાદીની તરફેણમાં છે?

(૩) શું મનાઇ હુકમ ના આપવામાં આવે તો વાદીને નાણાંથી ન ભરપાઇ થઇ શકે તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

૪). ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

મુદા નં.૧ નકારમાં

મુદા નં.૨ નકારમાં

મુદા નં.૩ નકારમાં

મુદા નં.૪ આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદા નં.૧ થી ૩**

૫). મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

સૌ પ્રથમ વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે નહી તે હકીકત અદાલત આંક-૫ ના અનુસંધાને વચગાળાની મનાઇ હુકમની અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાનમાં લેવી જરૂરી છે. હવે પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે પ્રથમદર્શનીય કેસ એટલે શું? તે અનુસંધાને એમ કહી શકાય કે કોઇ ચોકકસ મિલકત કે બાબત પ્રત્યે કોઇ વ્યકિતનો કાયદેસરનો અધિકાર અને તેવા વ્યકિતના કાયદેસરના અધિકારમાં બીજા વ્યકિત ધ્વારા ગેરકાયદેસરનો

અવરોધ ઉત્પન્ન કરવામાં આવે કે અડચણ ઉભી કરવામાં આવતી હોય ત્યારે કાયદાની જોગવાઇ મુજબ પ્રથમ પક્ષકારે મનાઇ હુકમ મેળવવા સબબ પ્રથમદર્શનીય કેસ ગણાય.

૬). હાલના કિસ્સામાં જોઇએ તો દાવાવાળી મિલકત બાબતે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ તે બતાવવા માટે વાદીએ સૌ પ્રથમ દાવાવાળી મિલકત અનુસંધાને પોતાનો કાયદેસરનો હકક કે અધિકાર અદાલતને બતાવવો પડે. એ અધિકાર માલીક હકક અંગેનો હોઇ શકે અથવા તો મિલકતના કબજા અંગેનો પણ હકક હોઇ શકે અથવા તો તેવા પ્રકારનો કોઇ કાયદેસરના અધિકારોનો પણ હકક હોઇ શકે છે. વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવા માટે નિ.૩/૧ થી નિ. ૩/૧૩ તથા નિ.૧૨/૧ થી નિ.૧૨/૨ સુધીથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વાદીએ નિ.૩/૧ થી રજુ કરેલ પ્રમાણપત્ર જોતાં વાદી કંપની રજીસ્ટર્ડ થયેલ કંપની છે. જયારે નિ.૩/૨ થી નિ.૩/૮ સુધીના દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં પ્રતિવાદી રેલ્વે ધ્વારા લોટ નં.૬૧૦૦૮૨૦૫૨૫, સ્ક્રેપ ઇ-વેસ્ટ પચ્ચીસ હજાર કિલો તથા લોટ નં.૬૧૦૦૮૧૦૫૨૫ સ્ક્રેપ ઇલેકટ્રોલીટી કોપર કેબલ બાર હજાર કિલોના લોટની જાહેર હરાજી કરવામાં આવેલી, જે હરાજીમાં વાદી કંપનીએ ભાગ લેતા વાદીની બીડ મંજુર થયેલ હોવાનું જણાય આવે છે તેમજ જી.પી.સી.બી.નું સર્ટીફીકેટ રજુ કરવા માટે વાદી કંપનીએ પ્રતિવાદી પાસે મુદત માંગતા જે મંજુર થયેલ હોવાનું જણાય આવે છે. ત્યારબાદ વાદી તરફે નિ.૩/૯ થી નિ.૩/૧૩ સુધીથી જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે જોતાં, વાદીએ જાહેર હરાજીની શરત મુજબનું જી.પી.સી.બી. સર્ટીફીકેટ રજુ કરેલ ન હોવાથી બંને લોટ રદ કરવામાં આવેલ હોવાનું પ્રતિવાદીએ વાદીના વકીલને લેખિત જાણ કરેલ છે. વધુમાં નિ.૩/૯ થી વાદીએ સી.પી.સી. કલમ-૮૦ મુજબની પ્રતિવાદીને આપેલ નોટીસ તથા નિ.૩/૧૩ થી જી.પી.સી.બી.નું સર્ટીફીકેટ રજુ કરેલ છે તેમજ નિ.૧૨/૧ અને નિ.૧૨/૨ થી બંને લોટની બીડ કોપી રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી તરફે નિ.૧૭/૧ થી નિ.૧૭/૧૬ સુધીથી ઇ હરાજીના નિયમો, ઇ હરાજીની નકલ, ડીલેવરી ઓર્ડરની નકલ તથા વાદી સાથે થયેલ પત્રવ્યવહારની નકલ તેમજ વાદીને ઓન લાઇન નાણાં ટ્રાન્સફર કરેલ તે

સ્ટેટમેન્ટની નકલ રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજી પુરાવા તથા વાદીની મનાઇ અરજી તથા પ્રતિવાદી તરફે આંક-૧૯ થી રજુ કરેલ લેખિત જવાબ વંચાણે લેતાં તે હકીકત બિન તકરારી છે કે પ્રતિવાદી તરફે ઉપરોકત લોટ સંદર્ભે ઇ-હરાજી કરવામાં આવેલ હતી અને તે હરાજીમાં વાદીની બોલી મંજુર થતાં વાદીએ હરાજી મુજબની રકમ પ્રતિવાદી રેલ્વેમાં જમા કરાવેલ હતી. વધુમાં હરાજી સમયે હરાજીની શરત મુજબનું જી.પી.સી.બી.નું સર્ટીફીકેટ વાદી પાસે ન હોવાથી વાદીએ પ્રતિવાદી પાસે મુદત માંગતા પ્રતિવાદીએ તે મુદત મંજુર કરેલ હતી. ત્યારબાદ વાદીએ જી.પી.સી.બી.માંથી સર્ટીફીકેટ મેળવી રજુ કરતા તે સર્ટીફીકેટ વેલીડ ન હોવાનું પ્રતિવાદીએ જણાવ્યા બાદ વાદીની તકરારી લોટની ડીલેવરી કેન્સલ કરેલ હોવા સંદર્ભે પક્ષકારો વચ્ચે કોઇ તકરાર નથી. પ્રતિવાદી તરફે પોતાના લેખિત જવાબમાં બચાવ લેવામાં આવેલ છે કે વાદીએ શરત મુજબની માન્ય પ્રમાણપત્ર રજુ કરેલ નથી. વધુમા વાદીએ હરાજી વખતે ભરેલ રકમ પૈકીની ૧૦% રકમ પ્રતિવાદીએ ફોરફીટ કરીને ૯૦% રકમ વાદી કંપનીના એકાઉન્ટમાં રીફન્ડ કરી દીધેલી હોવાની હકીકત પણ પ્રતિવાદી પોતાના જવાબમાં જણાવે છે જે સંદર્ભે વાદીને પણ કોઇ વાંધો કે તકરાર નથી.

૭) આમ ઉપરોક્ત હકિકતો અને દાવા અરજી ની હકિકતો ધ્યાને લેવામા આવે તો હરાજીવાળો માલ ફરીવાર હરાજીમાં રાખે રખાવે નહી તથા હરાજીવાળો માલ વાદીને સોંપી આપવા અથવા વિકલ્પે ડીપોઝીટની રકમ તથા બેલેન્સની રકમ જમા કરાવી છે તે પરત કરવા દાદ માંગેલ છે. વાદીએ પોતાની મનાઇઅરજીમા પણ દાવાઅરજી મુજબની જ એકસરખી દાદ માંગેલ છે જેથી જો મનાઇહુકમ મંજુર કરવામા આવે તો પુરાવો લીધા સિવાય દાવાઅરજીનો આખરી નિર્ણય થઇ જાય તેમ છે તેવા સંજોગોમા મનાઇઅરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી નથી. વધુમા વાદીએ જમા કરાવેલ રકમ પૈકી પ્રતિવાદીએ ૧૦ ટકા ડીપોઝીટની રકમ જપ્ત કરીને ૯૦ ટકા રકમ વાદીને પરત કરી દીધેલ છે જેથી હરાજીવાળા માલ સંદર્ભે મનાઇહુકમ આપવો ન્યાયોચિત જણાતો નથી. વાદીએ મનાઇઅરજીમા વૈકલ્પિક દાદ માંગી ડીપોઝીટની રકમ તથા બેલેન્સની રકમ પરત માંગેલ છે, જે દાદ જોતા

નાણાથી ભરપાઇ થઇ શકે તેવી દાદ છે.  સદર દાદ પૈકી ૯૦ ટકા રકમ પ્રતિવાદીએ વાદીને ચુકતે કરી દીધેલ છે. આમ મનાઇઅરજીના અનુસંધાને વાદીનો કોઇ પ્રથમદર્શનીય કેસ જણાતો નથી તેમજ બેલેન્સ ઓફ કન્વિનીયન્સી પણ વાદીની તરફેણમા જણાતી નથી. વધુમા મનાઇઅરજીની દાદ જોતા મનાઇઅરજી મંજુર કરવામા ન આવે તો વાદીને નાણાથી ન ભરપાઇ થઇ શકે તેવુ નુકશાન થાય તેમ નથી. જેથી મુદ્દા નંબર ૧ થી ૩ નો જવાબ નકારમા આપી મુદ્દા નંબર ૪ પરત્વે ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>હુકમ</u>**

વાદીની મનાઇ અરજી આથી નામંજુર કરવામા આવે છે.

મનાઇઅરજીનો ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૭ મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ - ૭-૩-૨૦૨૬
દાહોદ.

(પ્રિતેશ એલ.પટેલ)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ
દાહોદ
જીજે ૦૦૮૯૦